નવીન નવીન

જ્ઞાનોદય રસજ્ઞ વાંચનમાળા

હાસ્યકારક.

પુરૂષ ચરિત્ર ફારસ

પ્રગટ કર્તા
મા. નાનાલાલ મગનલાલ
પુસ્તકો વેચનાર.

અમદાવાદ

રાજનગર પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું

કિમ્મત એક આનો.

જાહેર ખબર.

ફક્કડ ફારસો!

મોતીશાને ડાહ્યા વહુનો.	૦-૧-૦
કજોડા દુઃખ દર્શક.	૦-૧-૦
ચતુર ચંચળનો.	૦-૧-૦
ગપ્પીદાસની ગપ્પ!	૦-૧-૦
મગનલાલ માસ્તરનો.	૦-૧-૦
શેરને માથે સવાશેરનો.	૦-૧-૦
સદગુણી ગંગા.	૦-૧-૦

તે શિવાય તમામ જાતનાં નાટકો, વાર્તાઓ જે જોઇએ તે મંગાવવું.

વેચનાર.

મી૦ નાનાલાલ મગનલાલ.

અમદાવાદ—ગુસાપારેખની પોળ.

૪૬૩૫

પુરૂષ ચરિત્ર હારસ્તુ.

પ્રવેશ ૧ લો.

(બ્રાહ્મણો સર્વે ભેગા થઇને ભોજનની ગડબડ કરે છે.)

(છોડી બંમનફી છોડી બંમનફી.) એ રાગ.

બ્રાહ્મણો— મારા બુઢાકાકા, (૨)
સ્વાદ મિષ્ટાન અમને બહુ ભાવેરે;

બુઢાકાકા—ઓહો ને છોકરાઓ, શું ખાવાનુંછે મન;
જજમાન એવો મળેતો, કરાવે ભોજન. મારા બુઢા.

૧ જપનાથ—અમારેતો કાકા જોઇએ, શેર શેરના લાડુ;
ઘીમાંહુ લચપચેતો, તનડુ થાએ ટાઢુ; મારાબુઢા.

૨ રૂદ્રાધર—મારા સાળા લાડુ મુને ભાવતા નથી;
બરફીનું બહુ મન થાયછે, કહુ છું કથી. મારાબુઢા

ઉવેસશંકર—બરફીમાં તો શું ખાવુંછે,કરને બીજી વાત;
દુધપાક બનાવીને ઉપર કરીએ ભાત. મારાબુદ્ધા.
બુઠાકાકા—ગડબડ ઝાઝી શું કરોછો બોદીયોને ઝટ;
ખાવાનું શું મન થયુંછે કહોને ચટપટ. મારાબુદ્ધા.
બ્રાહ્મણો—સૌથી બાસુદી પુરીમાં બહુ રહયો છે સ્વાદ;
કાકા અમને કરી આપો તો લઇએ રે પ્રસાદ. મારાબુદ્ધા.

(એટલામાં લઘુચંદ આવે છે.)

લઘુચંદ—અલ્યા બ્રાહ્મણો, બાસુદીપુરીમાં એટલો બધો સ્વાદ છે તો તમે મને બતાવો, તે પ્રમાણે હું મારે ઘેર કરાવીશ.

બ્રાહ્મણો—સાંભળો ત્યારે. દુધ શેર ૫) સાકર શેર ૩) સોનામુખી શેર ૧) ગુલાબના ફુલ શેર ૦॥) નસોતર શેર ૦। કાળા મરી નવટાંક એ પ્રમાણે સામાન લઇને દુધ પેહેલું ચુલે મુકવું. દુધ ઉકળે ત્યારે સરવે મસાલો અંદર નાંખવો એટલે બાસુદીના સ્વાદનો પાર રહેશે નહીં.

(સર્વે જાય છે.)

પ્રવેશ ૨ જો.

(લઘુચંદનું દીવાનખાનું.)

લઘુચંદ—પ્યારી ઘરમાં શું કરે છે. અહીં આવ એક વાત કહું. હું કહું તે પ્રમાણે મુને બાસુદીપુરી કરી આપ એટલે આપણે જમીએ.

દીવાળી—આવા ઢોંગ કયાંથી લાવો છો. તમને સાફ કહુ છું જે હું કદિ કરી આપવાની નથી, અને મારે મન ગમતુ જે રાંધીશ તે ખાવું પડશે. બાસુદીફાસુદી કરી આપવાની નથી તે તમારે ખચીત જાણવું. નહી તો મારે પીયર જઇશ.

લઘુચંદ—એમ છે ત્યારે તું કરીશ ને હું ખાઇશ તેમાં આપડે શરત શી?

દીવાળી—જો હું બાસુદીપુરી કરી આપુ ને તમે ખાઓ તો તમારી દાસી થઇને રહું. નહીં તો તમારે ભડવા થઇને રેહેવું પડશે. કેમ કબુલ છે?

લઘુચંદ—હા તે બરાબર છે. (લઘુચંદ મનમાં વિ-

ચાર કરેછે કે રાંડ હઠીલી છે, તેથી કરી આપશે નહીં, માટે મારે સાસરે જઇને તેના બાપને તેડી લાવું, તો એના સારૂં બાસુદીપુરી કરશે, ત્યારે કાંઇક ઉપાય કરીશુ. માટે ચાલ તેડવા જાવું.

(જાય છે.)

પ્રવેશ ૩ જો.

(મુલચંદશાનું ઘર.)

મુલચંદ—અરેરે ઇશ્વર હવેથી મારૂં શરીર ચાલતું નથી તેમજ આંખે અંધકાર ને કાંને બેહેરો. હાથ પગ પણ વાયે રહી ગયા છે તેથી દીવાળીને ઘરે જવાની શકતી પણ નથી. તેમ કરતા હમણાથી સમાચાર પણ આવ્યા નથી.

(એટલામાં લઘુચંદ આવે છે.)

લઘુચંદ—સસરાજી જવાર છે (મુળચંદશા તમારી દાકરીને મંદવાડ ઘણો થઇ ગયો છે માટે એકદમ

હું તેડવા સારૂં આવ્યો છું.)

(સરવે જાય છે.)

(લઘુચંદનું ઘર. મુલચંદશા, લઘુચંદ, અને દીવાળી.)

મુળચંદ—ઓય મારી દીવાળીરે.

દીવાળી—હાયહાય એના બાપારે

મુળચંદ—કોણ દીવાળી? તું જીવેછે. તુને તાવ આવતો હતો તે સુવાણ છે. મુને તો લઘુચંદે આવીને કહ્યું એટલે મારો તો જીવ ઉડી ગયો.

દીવાળી—ઓય મારો પીટો એવું કહીને તેડી લાવ્યો કે, હશે આવ્યા તો ભલે આવ્યા બાપ દીકરી બેગા થયા હવે તમે કહો તે રસોઇ કરૂં.

મુળચંદ—મારા દાંત પડી ગયાછે માટે બોખે દાંતે ખવાય તેમ કરે તો સારૂં.

દીવાળી—બોખે દાંતે તો બાસુદી પુરી ખવાશે કારણ કે મારો સ્વામી તેના બહુ વખાણ કરેછે માટે તમારે જોસે એટલી કરીશ વધારે નહી કરૂં.

મુળચંદ—ઠીક ત્યારે તાકીદથી કર, મને તો ભુખ લાગીછે.

દીવાળી—તમે વાડામાં જઇને નહી આવો મે પાણી ઉનું મુકયું છે.

મધુચંદ—જોયું આપની સારૂં ઉનું પાણી, ને ધણી ના સારૂ ટાઢું પાણી નાવા મુકયું છે જોઇ રાંડની બહાદુરી પણ જુવો કેવો પ્રપંચ કરૂંછું તે જોશો. (વાડામાં ઉનું પાણી મુકયું છે ત્યાં જઇને નાહી લે છે અને મુળચંદશાને ટાઢા પાણીએ નવરાવે છે ટાઢા પાણીથી રાડ પાડી કહેછે દીવાળી તારૂં સત્યા નાશ જાય મુને ટાઢા પાણીથી નવરાવ્યો.)

દીવાળી—ચાલો જે થનાર હતું તે થયું. રસોઇ તૈયાર થઇ છે જમવા ઉઠો.

પ્રવેશ ૪થો.

(ભોજન ગ્રહ.)

દીવાળી—(એકલી) (જોડીરે તુમે નવં જોઈ માડી) એ રાગ.

ખરેખરી હું જો હઉ નારીરે (બેવાર)
મુજ પતીને કેવો રમાડું જુવો નર નારી.
પતી મારો ગયો પીયર માંહીરે (બે વાર)
મમ પીતાને સમજાવીને લાવ્યોછે આંહી
જુવો એણે બહુ કર્યું ખોટું રે (બે વાર)
બાસુદી પુરી ખાવાનું મન થયું મોટું.

દીવાળી—પીતાજી આ થાળમાં બાસુદી પુરી શાક વીગેરે પીરસ્યું છે તે જમો હું પાણીભરવા જાઉંછું.

(દીવાળી જાયછે)

લઘુચંદ—ઓય રાંડની, પોતાના બાપા સારૂ બાસુદી પુરી ને મારી વાસ્તે રોટલો ને ડુંગળીનો કાંદો મુ કયોછે પણ જો બાસુદી પુરી ખાઉ તોજ ખરો.

મુળચંદશા—લધુચંદ તમારે જમવાની શી વાર છે?
લધુચંદ—તમે પુજા પુજા કરી કે આવાજ મંડી પડયા
મુળચંદ—ના, ભાઈ પુજા પુજા તો કરી નથી.
લધુચંદ—ચાલો ત્યારે કરી લ્યો. પછી જમવા બેશીએ. (પુજા કરવાને બેસાડે છે)
મુલચંદ—પુષ્પ સમરપયામી.
લધુચંદ—બાસુદી આરોગ્યમં સમરપયામી.
મુલચંદ—ધુપાયં નમઃ નિવેદન સમરપયામી.
લધુચંદ—સીરોપુરી સર્વે આરોગ્યમં સમરપયામી.

પોતાના સસરા સારૂં રોટલા ને ડુંગરીનો કાંદો મુકીને જાય છે. અને મુળચંદ મેહેતા જમવા બેસે છે તો થાળામાં રોટલા ને ડુંગરીનો કાંદો દીઠો. (જોયું રાંડ દીવાળી, જુઠુ બોલીને કયાં જતી રહી) મારે બોખે દાંતે ચવાશે કેમ.

(એટલામાં દીવાળી આવે છે.)

દીવાળી—કેમ પીતાજી શું કહો છો?
મુલચંદ—શું કહું તારૂં કપાળ. તારી બાસુદીપુરી

ક્યાં ગઇ ને મને ભુખ્યો રાખ્યો.

દીવાળી—તમે આંહીથી ક્યાંય ગયા હતા.

મુલચંદ—હા, પૂજા કરવા ગયો હતો.

દીવાળી—ઓય મારો પીટયો બાસુદીપુરી ખાઇને ક્યાં જતો રહયો. જો બાસુદીપુરી પાછી કઢાવું તોજ મારૂં નામ દીવાળી.

પ્રવેશ ૫ મો.

શયનગ્રહ.

(દીવાળી, મુલચંદ ને લઘુચંદ.)

દીવાળી—ચાલો પીતાજી આ ખાટલા ઉપર સુઇજાવ.

(મુળચંદ ખાટલે સુવે છે.)

લઘુચંદ—જોયું એના બાપ સારૂ ખાટલો અને ઉપર તળાઇ પાથરી છે, અને મારે માટે ભોંય સાદરી પાથરી છે પણ ઠીક છે, આગળ હું છું. એમ કહી સાદડી ઉપર સુઇ જાય છે.

દીવાળી—ઓય મારો રડયો કેવો સુતો છે પણુ ફી-
કર નહીં, કેટલીવાર સુધી જાગશે.

લઘુચંદ—જો ઉંઘી જઇશ તો ભોગ મળશે ને ઉલ-
ટો માર ખાવો પડશે માટે પ્રથમ ઉપાય કરવો
સારો છે માટે ચાલ ખાટલા પાસે જઇને યુક્તિ
કરૂં. (ખાટલા નીચે જઇને ચુટીયો ભરે છે પછી
મુળચંદ મેહેતો જાગી ઉઠે છે ને બોલે છે.)

મુલચંદ—મારા સાળા માંકણુ બહુ કરડે છે (એટલે
· લઘુચંદ ખાટલો ઉંધો પાડે છે, એટલે મુળચંદ
મેહેતા રડે છે.

લઘુચંદ—શું થયું મુળચંદમેહેતા!

મુલચંદ—જુવોને ખાટલો ઉંધો પડયો, અને હું
નીચે પડયો તેનુ કારણુ શું?

લઘુચંદ—આંહી તમોને કોણે સુવાડયા. આ ઠેકાણે
તો ભુત છે ચાલો બહાર જઇને સુઇ રહીએ કેમ
જે પવન ને હવા સારી આવે છે. (પછી પોતાના
બીછાના ઉપર મુળચંદ મેહેતાને સુવાડે છે અને

પોતે ખાટલા ઉપર સુઇ રેહે છે.)

દીવાળી—જોયું બાસુદીપુરી ખાઇને કેવો ઉંઘે છે. અત્યારે ઠીક લાગ આવ્યો છે. (એમ કહીને ખુબ મારે છે એટલે મુળચંદ મેહેતો રાડ પાડીને જાગી ઉઠે છે.)

મુલચંદ—ઓય ઓય બાપ મરી ગયોરે.

દીવાળી—અરર! પીતાજી અહીંયા તમને કોણે સુવાડયા.

મુલચંદ—ભોગ લાગ્યા જે તારે ઘેર આવ્યો, ખાવાનું તો મળ્યું નહીં પણ ઉલટો માર ખાવો પડયો. હવે હીમખીમ ઘરે જઇએ તો સારૂ.

દીવાળી—અહીંયાં તમને કોણે સુવાડયા જે ખાટલો મુકીને ભોંય સુતા.

મુલચંદ—ત્યાં તો માંકડ કરતા હતા, ને ખાટલો ઉંધો પડયો એટલે લઘુચંદે આવીને અહીં સુવાડયો.

દીવાળી—હવે અહીંઆ સુઈ રહેજો કયાંય જશો માં

ને જો ભુલી જતા નહી.

મુલચંદ—ભુલી તે કેમ જઇશ હજી હાડકાં દુખે છે ને.

દીવાળી—જો પીટયો પોતાના સસરાને માર ખવરાવીને કેવો સુતો છે પણ તેના કેવા હવાલ થાય છે તે જો જો.

એમ કહી જાય છે.

લખુચંદ—રાંડ મને પણ માથાની મળી છે પણ જોઈએ તો ખરા. એમ કહી મુળચંદ પાસે જાય છે મુળચંદ મેહેતા આંહી મારામારી સેની થઈ હતી.

મુલચંદ—મારા કરમના ભોગ જે તમારા ઘેર મેમાન આવ્યો અને દીવાળીનો માર ખાવો પડયો. તમે કયાં ગયા હતા.

લખુચંદ—આંહી સુવામાં કાંઈ માલ નથી માટે ચાલો ઘરમાં ખાટલા નાંખીને સુઇ રહીએ અને તમને કોઇ મારવા આવે તો મને તરત બોલાવજો અને તમે સામા મારવા માંડજો. સાથી કે આ ઠેકાણે

પીસાચનું જોર વધારે છે માટે સાવચેત રહેજો.
મુળચંદ મેહેતાને ખાટલે સુવાડે છે ને પોતે ભોંય સુઈ રહે છે) એટલામાં દીવાળી આવે છે. અને ખા ટલે સુતેલો જોઈ કહે છે.)

દીવાળી—ખાઈ પીને મારો રડગો કેવો ઊંઘે છે લા ગ તો સારો છે એમ કહી ખાટલા પાસે જઈને ખુબ મારે છે એટલે મુળચંદમેહેતા એકદમ જાગી ઉઠે છે (દીવાળી) અરે વળી અહી ક્યાંથી આવ્યા બાપા.

મુલચંદ—રાંડ સંખણી ભુતડી વારે વારે મારી જાય છે અલ્યા લધુચંદ દોડ, દોડ. આ પીસાચણી આવી. લધુચંદ દોડી આવે છે.

લધુચંદ—મારો મારો રાંડને વારે વારે મારી જાય છે એજ ભુતડી. પછી દીવાળીને બનેજણા ખુબ મારે છે.

(ચુપાચુપ.)

સુંદર શિખામણ.

ઓખલો ખવીસ આવ્યો કન્યાનો કાળ; જેના મા૦
તોરણ લાગ્યા તણખા, માંડવે લાગી લાહ્ય;
ઉઠય ગધાડી પુખવા, ભમરાળો ખોટી થાય. જેના૦
સોનાનો સવઇયો, રૂપા કેરી ત્રાક;
છાની રીતે છરી ઘસી, વાઢો વરનું નાક. જેના૦
ડાચા એના મળી ગયા, કાચા આંખ્યો કાન;
મુસળેથી મારો એને, સારી આવે સાન. જેના૦
ઘરડો ગધેડે ચડી, આવ્યો તારે ઘેર;
જમાડો જમઇ, તારૂં વાળવાને વેર. જેના૦
આડા વાંસે ચોરી બાંધો, ગોર મુકો પોક;
માંડવે મોકાણ માંડો, લાંબા રાગે લોક. જેના૦
માંથે મેલી ઝાંખરૂ ને, ભડકા જમણે હાથ;
દીકરાનો દાટ વાળ્યો, સગા મળી સાથ. જેના૦